# રાજ્ય પરીક્ષાબોર્ડ,ગુજરાત રાજ્ય,સેક્ટર-૨૧ ગાંધીનગર

"ખાતાકીય પરીક્ષા (વર્ગ-૩)"

"Departmental Exam (Class-3)"

**જાહેરનામું : ક્રમાંક/રાપબો:ખા.પ./૨૦૧૮/૨૭૭૯-૨૮૫૮** **તા.૦૧/૦૬/૨૦૧૮**

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંક:ખ/શ/૮૮-એડીઆઇ-૧૦૭૫-સી–૧૯૬૯-લ,તા.૨૧/૧૨/૨૦૧૨થી બહાર પાડેલ જાહેરનામા અનુસાર "મદદનીશ શિક્ષણ નિરીક્ષક, મદદનીશ શિક્ષક,વર્ગ -૩(ખાતાકીય પરીક્ષા) નિયમો- ૨૦૧૨" અનુસંધાને શિક્ષણ વિભાગની વર્ગ-૩ની ગૌણ સેવાઓમાં મદદનીશ શિક્ષણ નિરીક્ષક તથા મદદનીશ શિક્ષક અને પંચાયત સંવર્ગના જિલ્લા શિક્ષણ નિરીક્ષક, વિસ્તરણ અધિકારી (શિક્ષણ) અને કેળવણી નિરીક્ષક વર્ગ-૩ની ખાતાકીય પરીક્ષા લેવા અંગેનો વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ છે.

## ❖ ખાતાકીય પરીક્ષાની તારીખ :-

ખાતાકીય પરીક્ષા તારીખ- ૧૪,૧૫-જુલાઈ-૨૦૧૮ના રોજ લેવાશે.

## ❖ આવેદનપત્રો ભરવાનો સમયગાળો:-

આ પરીક્ષા માટેના આવેદનપત્રો બોર્ડની વેબસાઈટ www.sebexam.org પર તા.૦૨/૦૬/૨૦૧૮ થી તા:૧૧/૦૬/૨૦૧૮ દરમ્યાન ઓનલાઇન ભરવાના રહેશે.

## ❖ આવેદનપત્રો મોકલવા અંગેની અંતિમ તારીખ દર્શાવતી સમય સારણી :

ઉમેદવારોએ ઓનલાઇન ભરેલા આવેદનપત્રોની પ્રિન્ટ કાઢી તેની નકલ નીચેદર્શાવેલ સમય સારણીમાં દર્શાવેલ વિગતો મુજબ નક્કી થયેલ અધિકારીઓની કચેરી ખાતે જરૂરી આધારો સાથે જમા કરાવવાના રહેશે.

| ક્રમ | આવેદન પત્રો મોકલનાર | કોને મોકલશે | અંતિમ તારીખ |
|---|---|---|---|
| ૧ | શિક્ષણ વિભાગની વર્ગ-૩ની ગૌણ સેવાઓ<br>• મદદનીશ શિક્ષણ નિરીક્ષક<br>• મદદનીશ શિક્ષક (આચાર્ય મારફત) | સંબધિત<br>જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી | તા.૧૫/૦૬/૨૦૧૮ સુધીમાં |
| | પંચાયત સંવર્ગ<br>• મદદનીશ જિલ્લા શિક્ષણ નિરીક્ષક<br>• વિસ્તરણ અધિકારી (શિક્ષણ)<br>• કેળવણી નિરીક્ષક વર્ગ-૩ | સંબધિત<br>જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની કચેરી | |
| ૨ | • જિલ્લા શિક્ષણાધિકારીશ્રી | કમિશનરશ્રી, શાળાઓની કચેરી, ગાંધીનગર. | તા.૧૯/૦૬/૨૦૧૮ સુધીમાં |
| | • જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી | નિયામકશ્રી,પ્રાથમિકશિક્ષણ, ગાંધીનગર. | |
| ૩ | • કમિશનરશ્રી, શાળાઓની કચેરી, ગાંધીનગર.<br>• નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગાંધીનગર. | સચિવ,રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર | તા.૨૨/૦૬/૨૦૧૮ સુધીમાં |

## ❖ પરીક્ષા કેન્દ્ર :-

- આ પરીક્ષા ઓનલાઈન લેવાની હોય કોમ્પ્યુટર લેબની ઉપલબ્ધતા અનુસાર અમદાવાદ કે ગાંધીનગર ખાતે પરીક્ષા કેન્દ્ર રાખવામાં આવશે.

## ❖ ઉમેદવારો માટે અગત્યની સૂચનાઓ:-

૧. ઉમેદવાર દ્વારા સીધા રાજ્ય પરીક્ષા બોર્ડને મોકલાવેલ ફોર્મ રદ ગણવામાં આવશે.
૨. ઉમેદવારનો  જે તે સંવર્ગમાં પૂરા પગારમાં સમાવેશ થયેલો હોવો જોઈએ.
૩. ઉમેદવારે સમયસારણીમાં દર્શાવેલ નિયત સમયમર્યાદામાં આવેદનપત્ર સંબંધિત અધિકારીશ્રીને મોકલી આપવાનું રહેશે.
૪. ઉમેદવારોએ તેમના આવેદનપત્ર પર કચેરીના વડાના સહી સિક્કા કરાવીને જ સંબંધિત અધિકારીશ્રીને મોકલવના  રહેશે.
૫. પરીક્ષાના વિષયોનો અભ્યાસક્રમ શિક્ષણ વિભાગના તા:૨૧/૧૨/૨૦૧૨ ના જાહેરનામાના એપેન્ડીક્ષ-"એ" મુજબનો રહેશે.
૬. ઉમેદવાર આ પરીક્ષાના તમામ પ્રશ્નપત્રોમાં સરકારા દ્વારા પ્રકાશિત પુસ્તકોનો ઉપયોગ પરીક્ષાખંડમાં કરી શકશે. સરકારી પ્રકાશન દ્વારા પ્રકાશિત થયેલા સરકારી પુસ્તકોની ઝેરોક્ષ નકલ પ્રમાણિત કરાવીને લાવી શકાશે. ખાનગી પ્રકાશનોના પુસ્તકો/સંદર્ભ સાહિત્યનો ઉપયોગ કરી શકાશે નહિ એટલ કે પરીક્ષાખંડમાં તેવું સાહિત્ય લાવી શકાશે નહીં.
૭. આવા પુસ્તકોની વ્યવસ્થા ઉમેદવારે જાતે કરવાની રહેશે. આ વ્યવસ્થા રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા પૂરી પાડવામાં આવશે નહીં. જેની ખાસ નોંધ લેવી.
૮. ખાતાકીય પરીક્ષામાં ફી જમા થાય બાદ કોઇપણ સંજોગોમાં પરત કરવામાં આવશે નહીં.
૯. ઘણા કિસ્સામાં પરીક્ષાની કેટલી તકો છે તે ફોર્મમાં દર્શાવવામાં આવતી નથી. જે ફોર્મમાં અચૂક દર્શાવવાની રહેશે. અધૂરી વિગતવાળા ફોર્મ રદ થવાને પાત્ર થશે.
૧૦.પ્રજ્ઞાચક્ષુ  ઉમેદવારોએ રાઇટરની મંજૂરી કચેરીના વડા પાસેથી મેળવવાની રહેશે.

## ❖ કચેરીના વડા/ખાતાના વડાની કચેરી માટે અગત્યની સૂચનાઓ:-

૧. કચેરીના વડા અને ખાતાના વડાએ આ જાહેરનામા/પરીક્ષાની જાણ તેમના કર્મચારીઓને કરવાની રહેશે
૨. કચેરીમાં/તાબાની કચેરીઓમાંથી આવેલા આવેદનપત્રોમાં જરૂરી પ્રતિ હસ્તાક્ષર (સહી-સિક્કા) કરીને જ સંબંધિત કચેરીએ આવેદનપત્રો મોકલવાના રહેશે.
૩. ખાતાકીય પરીક્ષામાં ઉપસ્થિત થતા ઉમેદવારો  ખરેખર બેસવાપાત્ર છે કે કેમ ? તે અંગે જે તે ખાતાના વડાએ ચકાસણી કરીને ઓનલાઇન ભરવામાં આવેલ આવેદનપત્રો જરૂરી આધારો સહિત બોર્ડને સમયમર્યાદમાં મોકલી આપવાના રહેશે.
૪. ઉમેદવારે ભરેલા આવેદનપત્રોની વિગતો ચકાસી ખાતાના વડાની કચેરી દ્વારા ઓનલાઈન એપ્રુવલ આપવાની રહેશે.
૫. ખાતાના વડાની કચેરી દ્વારા ઓનલાઈન એપ્રુવલ આપ્યા સિવાયના મોકલવામાં આવેલ આવેદનપત્રો અમાન્ય ગણવામાં આવશે.
૬. ખાતાના વડાની કચેરી દ્વારા સમયમર્યાદા બાદ આવેલા આવેદનપત્રો સ્વીકારવામાં આવશે નહિ.
૭. પ્રજ્ઞાચક્ષુ  ઉમેદવારોને રાઇટરની મંજૂરી કચેરીના વડાએ આપવાની રહેશે.

## ❖ પાસ થવાનું ધોરણ:-

- ઉમેદવારે દરેક પેપરમાં પાસ થવા માટે ૫૦% ગુણ મેળવવા ફરજીયાત છે

## ❖ પુનરાવર્તિત (રીપીટર) ઉમેદવારો માટે :-

- અનુત્તિર્ણ થનાર ઉમેદવારને એક કે વધુ વિષયો/પેપરોમાં ૬૦% કે તેથી વધુ માર્કસ મેળવેલ હશે તો તેને તેવા વિષયો/પેપરોમાં પછીની પરીક્ષા માટે (Exemption) મુક્તિ મળવાપાત્ર રહેશે.
  આવા ઉમેદવારોએ તેમને મળવાપાત્ર મુક્તિ(Exemption)ના વિષયો/પેપરો  માટે જે તે પરીક્ષાની પ્રમાણિત કરેલી માર્કશીટની નકલો આવેદનપત્રની પ્રિન્ટ સાથે જોડવાની રહેશે.તેમજ ઓનલાઇન ભરવામાં આવતા ફોર્મમાં તેનો ઉલ્લેખ કરવાનો રહેશે. આવેદનપત્રો ઓનલાઈન ભર્યા પછીની મુક્તિ અંગેની રજુઆત ગ્રાહ્ય  રાખવામાં આવશે નહી.

## ❖ પરીક્ષાની તકો તથા પરીક્ષા ફી :

- ખાતાકીય પરીક્ષા નિમણૂકની તારીખથી તથા સીધી ભરતીથી નિમણૂક મેળવનાર ઉમેદવારોએ નોકરીમાં પૂરા પગારમાં નિમાયાની તારીખથી ૩ વર્ષ અથવા ૩ (ત્રણ) તકોમાં જે પહેલું હોય તેમાં પરીક્ષા પાસ કરવાની રહેશે. પરંતુ અનુસૂચિત

જાતિ, અનુસૂચિત જનજાતિના ઉમેદવારોએ ૩ + ૧ = ૪ તકોમાં પાસ કરવાની રહેશે. આવા ઉમેદવારોએ નિયત થયેલ તક સુધી કોઇ પરીક્ષા ફી ભરવાની રહેતી નથી.

- ઉપર મુજબની નિયત સમય મર્યાદા તથા નિયત તકોમાં જો ઉમેદવાર ખાતાકીય પરીક્ષા પાસ ના કરેલ હોય તો આવા ઉમેદવારોએ વ્યક્તિગત પરીક્ષા ફી ની રકમ **“સચિવશ્રી રાજ્ય પરીક્ષા બોર્ડ , ગાંધીનગર”** ના નામનો રૂા. ૨૦૦/- નો ડીમાન્ડ ડ્રાફ્ટ કઢાવીને આવેદનપત્રની પ્રિન્ટ સાથે જોડવાનો રહેશે.

❖ **પરીક્ષાનું માધ્યમ :-**

- દરેક પ્રશ્નપત્રો ગુજરાતી ભાષાના રહેશે.

❖ **પરીક્ષાના પ્રશ્નપત્રનું માળખુ :-**

- દરેક પ્રશ્નપત્ર બહુવૈકલ્પિક.(MCQ)પ્રકારના રહેશે.
- દરેક પ્રશ્નપત્રમાં ૧૦૦ પ્રશ્નો રહેશે. દરેક પ્રશ્ન ૧ ગુણનો રહેશે. આમ કુલ ૧૦૦ ગુણનું પ્રશ્નપત્ર રહેશે.
- **આ પરીક્ષા ઓનલાઈન લેવામાં આવશે.**

❖ **પરીક્ષાનો કાર્યક્રમ :-**

| ક્રમ | પ્રશ્નપત્ર | તારીખ | સમય | ગુણ |
|---|---|---|---|---|
| ૧ | સેવાપ્રથા | ૧૪/૦૭/૨૦૧૮ | ૧૧.૦૦ થી ૧૩.૩૦ | ૧૦૦ |
| ૨ | હિસાબીપ્રથા | ૧૪/૦૭/૨૦૧૮ | ૧૪.૦૦ થી ૧૬.૩૦ | ૧૦૦ |
| ૩ | શિક્ષણ ખાતાના નિયમો અને ધારા ધોરણો તથા યોજનાઓ | ૧૫/૦૭/૨૦૧૮ | ૧૧.૦૦ થી ૧૩.૩૦ | ૧૦૦ |
| ૪ | પ્રકીર્ણ | ૧૫/૦૭/૨૦૧૮ | ૧૪.૦૦ થી ૧૬.૩૦ | ૧૦૦ |

❖ **ઉમેદવાર તેમના આવેદનપત્રો રાજ્ય પરીક્ષા બોર્ડમાં સીધા મોકલશે તો તે રદ ગણવામાં આવશે.**

❖ **જરૂરી આધારો/પ્રમાણપત્રો અંગેની સૂચનાઓ:**

- ઓનલાઇન ભરેલ આવેદનપત્રની પ્રિંન્ટ કાઢી તેની સાથે નીચે મુજબના આધારો /પ્રમાણપત્રો જોડવાના રહેશે.
- ઓનલાઇન અરજીપત્ર (પ્રમાણપત્ર પર કચેરીના વડાના સહી-સિક્કા સાથે )
- પરીક્ષા ફી નો ડી.ડી. (લાગુ પડતુ હોય તો)
- અગાઉના દરેક પ્રયત્નોની માર્કશીટની પ્રમાણિત કરેલ નકલ બીડવી.
- ઉમેદવારનો પુરા પગારનો કચેરી આદેશ..
- વય અને નોકરીની મર્યાદામાં છુટછાટ મેળવેલ હોય તો અધિકૃત સત્તાધિકારીએ કરેલ હુકમની નકલ સામેલ રાખવી.

❖ **ઓનલાઇન અરજી કરવાની રીત :-**

આ જાહેનામાના સંદર્ભમાં રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ઓનલાઇન રજીસ્ટ્રેશન અને એપ્રુવ થયેલ અરજીઓ જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવારે તા: ૦૨/૦૬/૨૦૧૮ બપોરના ૧૫.૦૦ કલાક થી તા.૧૧/૦૬/૨૦૧૮ રાત્રે ૧૧.૫૯ કલાક દરમ્યાન (www.sebexam.org)પર અરજીપત્રક ભરી શકશે.ઉમેદવારે અરજીપત્રક ભરવા માટે નીચે મુજબના સ્ટેપ્સ અનુસરવાના રહેશે.

- સમગ્ર ફોર્મ અંગ્રેજીમાં ભરવાનું રહેશે.
- સૌ પ્રથમ www.sebexam.org પર જવું.
- ‘Apply online ઉપરClick કરવું.
- ખાતાકીય પરીક્ષા (વર્ગ: 3)સામે Apply Now પર Click કરવું.
- **Apply Now પર Click કરવાથી Application Format દેખાશે.Application Format માં સૌપ્રથમ માગવામાં આવેલ માહિતી ભરવાની રહેશે.**

- હવે Save પર Click કરવાથી તમારો Data Save થશે અહીં ઉમેદવારનો Application Number Generate થશે. **જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે.**
- હવે પેજના ઉપરના ભાગમાં Upload photo- Signature પર Click કરો અહીં તમારો Confirmation Number Type કરો અને તમારી Birth Date Type કરો ત્યારબાદ Submit પર Click કરો.અહીં Photo અને Signature upload કરવાના છે.
- Photo અને Signature upload કરવા સૌ પ્રથમ તમારો Photo અને Signature JPG format મા 10 KB સાઇઝથી વધારે નહીં તે રીતે Computer માં હોવા જોઇએBrowse Button પર Click કરો. હવે choose File ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં JPG format માં તમારો Photo store થયેલ છે તે ફાઇલને Select કરો અને Open Buttonને Click કરો.હવે Browse Button ની બાજુમાં upload Button પર Click કરો. હવે બાજુમાં તમારોPhoto દેખાશે.હવે આજ રીતે Signature પણ upload કરવાની રહેશે.
- હવે Preview & Confirm Application પર Click કરો.અહીં તમારો Confirmation Number Type કરો અને તમારી Birth Date Type કરો ત્યારબાદ Submit પર Click કરો. જો અહિ અરજીમાં સુધારો કરવાનો જણાય તો Edit Application ઉપર Click કરીને સુધારો કરી લેવો **અરજી Confirm કર્યા પહેલાં કોઇ પણ પ્રકારનો સુધારો અરજીમાં કરી શકાશે પરંતુ અરજી Confirm થઇ ગયા બાદ અરજીમાં કોઇપણ જાતનો સુધારો કરી શકાશે નહી.**
- જો અરજી સુધારવાની જરૂર ન જણાય તો જ Confirm પર Click કરવું.Confirm પર Click કરવાથી ઉમેદવારની અરજીનો બોર્ડમાંOnline સ્વીકાર થશે તથા તે બાદ જ માન્ય ગણાશે..
- હવે Print Application પર Click કરવું. અહીં તમારો Confirmation Number Type કરો અને તમારી Birth Date Type કરો.ત્યારબાદ Submit પર Click કરો.
- અહિંથી તમારી અરજીપત્રકની પ્રિન્ટ તથા પ્રમાણપત્રની નકલ કાઢી લેવી .
- હવે અરજીપત્રકની પ્રિન્ટ પર ઉમેદવારે તેમના ફોર્મ સારણીમાં બતાવ્યા મુજબ કચેરીના વડા/ ખાતાના વડા મારફતે પ્રમાણપત્રો ઉપર કચેરી/ખાતાના વડાના સહી સિક્કા કરાવીને જ મોકલવાના રહેશે.

અરજીપત્રક ભરવામાં કોઇપણ પ્રકારની મુશ્કેલી જણાય તો વેબસાઇટ પર આપવામાં આવેલ ફોન નંબર પર સંપર્ક કરવો .

અધ્યક્ષ
રાજયપરીક્ષા બોર્ડ
ગાંધીનગર

❖ **નકલ સવિનય રવાના જાણ તથા કાર્યવાહી સારૂ :**

(૧) અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર.
(૨) નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ,ગુ.રા. જુના સચિવાલય, ગાંધીનગર.
(૩) કમિશ્નરશ્રી,શાળાઓની કચેરી,ગુ.રા. જુના સચિવાલય, ગાંધીનગર.
(૪) નિયામકશ્રી,ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,ગાંધીનગર.
(૫) નિયામકશ્રી, સાક્ષરતા અને નિરંતર શિક્ષણ,ગુ.રા. બ્લોક નં ૧૨, જુના સચિવાલય, ગાંધીનગર.
(૬) નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક ટેકનોલોજી ભવન, ગુ.રા. અમદાવાદ.
(૭) નિયામકશ્રી, સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર,ડી.પી.ઇ.પી., ગાંધીનગર.
(૮) જનરલ મેનેજરશ્રી, ઇન્ડેક્ષ-બી,ઉદ્યોગ ભવન,ગાંધીનગર.

❖ **નકલ જાણ તથા કાર્યવાહી સારૂ :**

(૧) જિલ્લા શિક્ષણાધીકારીશ્રી,તમામ.
(૨) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધીકારીશ્રી,તમામ.
(૩) જિલ્લા નિરંતર શિક્ષણાધીકારીશ્રી,તમામ.
(૪) શાસનાધિકારીશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, તમામ